

## સુપ્રભાતમ્

સુરેશ પ્રા. ભટ્ટ
99789-26251

### સલામી સવારની..

*ચીનની ચીમકી છતાં, અહીં શીતળાનો ઓટલો!*
*સરકે કાશ્મીર, છતાં અહીં શીતળાનો ઓટલો!*
*લેટવું છે ઓટલે, દેશ પર સત્તા જમાવીને -*
*જાગે પ્રાંતવાદ છતાં અહીં શીતળાનો ઓટલો!*

### હાઈકુ

*ટાઢું ખાઈને*
*જા, શીતળા શરણે -*
*બચાવો આંખ!*

*થાય છે રક્ષા,*
*શીતળાને ભરોસે*
*સરહદોની...*

### ચિંતન

*કહત હું કહે જાત હું, અબ કહાં કહાં બજાવું ઢોલ ।*
*એક શ્વાસ ખાલી જાત હૈ, તિન લોક કા મોલ ॥*

**ઉપરોક્ત શ્લોક કબીર બીજક ગ્રંથમાંથી લેવામાં આવેલ છે. કબીર કહે છે 'હે દુનિયા ના લોકો! તમને વારે વારે ઘણો ઉપદેશ આપ્યો છે અને હજી પણ વારંવાર અને સતત કહેતો જ રહું છું કે તમારા શ્વાસની કિંમત સમજો. તમારા જીવનમાં એક શ્વાસની કિંમત ત્રણલોકની સંપત્તિ કરતાં વિશેષ છે એ વાત તમને સમજાવવા ક્યાં ક્યાં ઢોલ વગાડું? કબીર કહે છે કે મનુષ્યે પોતાનાં જીવનમાં દરેક શ્વાચ્છોશ્વાસમાં ઈશ્વર સ્મરણ સહિત સદ્‌કાર્યો કરતાં રહેવું જોઈએ. એક શ્વાસ લઈએ એટલો સમય પણ નિરર્થક ન ગુમાવવો જોઈએ.'**

**જીવનની દરેક ક્ષણ ઈશ્વર-ચિંતન માટે અમૂલ્ય છે. આપણે તે ટીવી-મોબાઈલ-વોટ્‌સએપમાં વેડફવી નાખીએ છીએ!**

### સુવિચાર

- ચાલ બધું ભૂલી ને સાગર માણીએ, આંખની સામે છે ઈશ્વર માણીએ - **રાજેશ વ્યાસ**
- જીવન વ્યવહારમાં સૂક્ષ્મ ચોકસાઈ એ સફળતાની જનની છે - **ફાધર વાલેસ**
- હું મારી સાધના નથી બદલતો, મારી સાધના જ મને બદલે છે - **રજનીશ**
- ઈચ્છાથી 'ફળ' પ્રાપ્ત થાય, પણ નિરિચ્છાથી તો 'ઈશ્વર' પ્રાપ્ત થાય - **સ્વામી રામદાસ**
- સાક્ષાત્કારનું લક્ષણ શું? 'સર્વત્ર ઈશ દર્શનમ્' - **જનકલ્યાણ**
- મન નિર્વિકાર હો, વચન નિરભિમાન હો, કર્મ નિરહંકાર હો - **અખંડ આનંદ**
- આજનું ઔષધ : લીંબુનો રસ બે ચમચી, તુલસીના પાનનો રસ બે ચમચી મિક્સ કરીને પીવાથી આધાશીશીમાં રાહત થાય છે.

**(સંકલન : દિપક વી. આશરા)**

### બોધકથા

અમદાવાદની કોર્ટના ન્યાયાધીશ અંબાશંકર સેતલવાડ, એમણે અન્યાયનો પક્ષ કદી લીધો ન હતો.

એક વાર કોઈ ધનિક પરિવારમાં વારસદાર તરીકેની તકરાર થઈ. એ એક અંબાશંકરની પાસે આવ્યો.

થોડા સમય પછી એક પક્ષના અગ્રણી ન્યાયાધીશને રૂબરૂ મળ્યા. એક લાખ રૂપિયા રોકડા આપતા કહ્યું, 'તમારે ન્યાય મારી તરફેણમાં જ આપવાનો છે, વિરુદ્ધમાં નહીં.' ત્યારે અંબાશંકરે કહ્યું, 'મને જરૂર ખબર છે કે મારે 'ન્યાય' જ આપવાનો છે. ન્યાયને હું અન્યાય નહીં કરું, અહીંથી તો ન્યાય જ મળશે. લાખ રૂપિયાનો અસ્વીકાર થતાં પેલા રૂપિયા આપવા વાળો તમને બીજો કોઈ નહીં મળે!' અંબાશંકરે જડબાતોડ જવાબ આપતા કહ્યું, 'લાખ શું... લાખો રૂપિયાવાળા ઘણા મળ્યા છે અને ઘણા મળતા રહેશે, પણ યાદ રાખજો કે સામેથી ચાલતા લાખો રૂપિયાને 'ના' પાડવા વાળો બીજો કોઈ નહીં મળે !!'

લાંચ આપનાર અગ્રણી નીચું જોઈ ચાલતા થયા.

# સ્વાઈન ફ્લુના જોખમને ધ્યાને ધરીએ

ગઈકાલે જ આ સ્થાને આપત્તિ વ્યવસ્થાપનની વાત આપણે કરી અને આપત્તિ વ્યવસ્થાપનના અભાવે આપણે શું ભોગવી રહ્યા છીએ એની જાણ તો આપણને સારી પેઠે છે જ.

આ વ્યવસ્થાપનના અભાવે જાનમાલની હાનિ અને ગંભીર પ્રકારની બીમારીઓ પણ આપણે ભોગવી રહ્યા છીએ અને એવી જ એક બીમારી અત્યારે આપણી આસપાસ ચકરાવો લઈ રહી છે : સ્વાઈન ફ્લુ.

ગાંધીનગર જિલ્લામાં છેલ્લા બે દિવસમાં જ સ્વાઈન ફ્લુના કેસ નોંધાયા છે અને એ સાથે જિલ્લામાં સ્વાઈન ફ્લુની ઝપટમાં આવ્યા હોય એવા દર્દીઓની સંખ્યા ૩૮ સુધી પહોંચી ગઈ છે. આ ઝપટમાં માત્ર ગ્રામ વિસ્તાર જ છે એવું નથી, ગાંધીનગર શહેરમાં પણ ૧૦ જેટલા કેસ સ્વાઈન ફ્લુના નોંધાયા છે, જે ખરેખર ચિંતાકારક બાબત છે.

તંત્ર દ્વારા સર્વેલન્સની કામગીરીનો આરંભ જોરશોરથી કરી દેવામાં આવ્યો છે અને શનિવારે મુખ્યમંત્રીની વિડીયો કૉન્ફરન્સ પૂર્ણ થયા બાદ જિલ્લાના ટોચના અધિકારીઓની એક ખાસ બેઠક પણ આ સ્થિતિની સમીક્ષા કરવા માટે મળી હતી. એ પછી તબીબી અધિકારીઓ સાથે સંકલન સાધીને એમને પરિસ્થિતિ ઉપર ચાંપતી નજર રાખવાની સૂચના પણ આપી દેવામાં આવી છે ને તંત્ર ઍલર્ટ મોડ પર આવી ગયું છે.

દરેક તાલુકા મથક પર આયુર્વેદિક ઉકાળાનું વિતરણ થાય તેવી વ્યવસ્થા ઊભી કરવાનો નિર્ણય પણ તંત્ર દ્વારા લેવામાં આવ્યો છે ને તંત્ર આ નિર્ણયનો અમલ કરે એ પહેલાં સૅક્ટર-૨૧માં કેટલાક સેવાભાવી નાગરિકો દ્વારા સ્વાઈન ફ્લુથી બચવા માટે આયુર્વેદિક ઉકાળાનું વિતરણ રવિવારથી શરૂ કરી દેવામાં આવ્યું છે. સાત દિવસ સુધી આ સેવાભાવીઓ આ ઉકાળો નગરજનોને નિઃશુલ્ક દરે પીવડાવવાના છે એવા સમાચાર મળ્યા છે, જે ખરેખર સલામને લાયક બાબત છે.

**તંત્રીસ્થાનેથી...**

પરંતુ, આ આખીય પરિસ્થિતિને જોતાં ફરી વાર એ જ વિચાર આવે કે પાણી પહેલાં પાળ કેમ ન બાંધીએ? બેશૂમાર વરસાદ વરસ્યો ત્યારે તંત્ર તો ઠીક પરંતુ સામાન્ય લોકો પણ એવી ચર્ચા કરતા જોવા મળ્યા હતા કે અતિવૃષ્ટિ પછી હવે જે જોખમ સામે આવશે તે રોગચાળાનું હશે. અલબત્ત, એવો રોગચાળો તો હજુ ફેલાયો નથી પરંતુ સ્વાઈન ફ્લુએ માથું ઊંચક્યું છે ને ચિંતાજનક સપાટો પણ બોલાવ્યો છે, જેનાથી તંત્ર હરકતમાં આવી ગયું છે. પરંતુ હવે હરકતમાં આવવાનો અને ખુલ્લા શબ્દોમાં કહીએ તો સુધરવાનો વારો સામાન્ય નાગરિકોનો છે. ગંદકીથી થતાં નુકસાનોથી આપણને નાનપણમાં, સ્કૂલ કાળમાં જ અવગત કરાવી દેવામાં આવ્યા હતા અને ગાંધીનગરના હોવાને કારણે દુનિયા આપણને શિક્ષિત નાગરિકો તરીકે ઓળખે છે. પરંતુ, આપણી આસપાસ ફેલાયેલી ગંદકી ઉપર આપણી ક્યારેય નજર નથી પડતી અને આપણે ચોમાસા દરમિયાન કે ભારે વરસાદ પછી જે સામાન્ય નાગરિક તરીકે જે પગલાં લેવાં જોઈએ તે વિશે જાણીએ છીએ, પરંતુ આપણામાંથી એવા કેટલા જેમણે ખરેખર આવાં પગલાં લીધાં હોય? સમસ્યા સર્જાય પછી તંત્રને ભાંડવાને બદલે સમસ્યા સર્જાય જ નહીં એવી પરિસ્થિતિનું નિર્માણ કરવાની ટેવ આપણે પાડવી પડશે. બીજું કંઈ ભલે ન કર્યું, પણ હવે તંત્રએ શરદી, સળેખમ જણાય તો મોઢા ઉપર રૂમાલ ઢાંકવા અને જરૂરી ના હોય તો વધુ ભીડભાડવાળી જગ્યાઓ પર ન જવાની નાગરિકોને સલાહ આપી છે, એને અનુસરીએ ને આ બીમારીના ભયાનક સ્વરૂપથી બચીએ-બચાવીએ.

# કાશ્મીરની મહિલાઓને અન્યાય કરતા બંધારણની કલમ ૩૫(એ)માં સુધારો કરવામાં આવશે

- કાશ્મીર બહારના નાગરિકો મીલ્કત ખરીદી વસાવાટ કરી શકે
- મહિલાઓના મૂળભૂત અધિકારો તથા વારસા ધારાના રક્ષણ માટે આ કલમમાં ફેરફાર કરવો જરૂરી છે

બંધારણની કલમ ૩૫(એ) અન્વયે તાજેતરમાં ખૂબ જ ચર્ચા કરવામાં આવી છે. કલમ ૩૫(એ) મુજબ કાશ્મીરની મહિલાઓ અન્ય રાજયના પુરૂષને પરણીને જાય તો પિતૃક સંપત્તીમાં ભાગ મળી શકે નહિ જમ્મુ કાશ્મીરના નાગરિકોને કલમ ૩૫(એ) મુજબ કેટલાક વિશેષાધિકારો બક્ષેલ છે. જમ્મુ કાશ્મીરની બહારના નાગરિકો જમ્મુ કાશ્મીરમાં જમીન કે મીલ્કત પોતાના નામે ખરીદી શકતા નથી કે બહારના નાગરિકો જમ્મુ કાશ્મીરમાં વસે તો પણ વિધાનસભામાં મતદાન કરી શકતા નથી.

ચારૂવાલી ખાન નામની કાશ્મીરી મહિલાએ સુપ્રિમ કોર્ટમાં આ કલમ ૩૫(એ) હટાવવા અગર તો સુધારા કરવા પીટીશન દાખલ કરતા આખો મામલો પ્રકાશમાં આવ્યો છે પરંતુ સુપ્રિમ કોર્ટ ચુકાદો આપે તે પહેલા કાશ્મીરના નાગરિકો અને રાજકરતાઓએ ચેતવણી ઉચ્ચારી છે કે આ કલમમાં ફેરફાર કરવામાં આવશે તો કાશ્મીર ભડકે બળશે અને ખીણમાં મોટો બળવો કરવામાં આવશે તેવી ધમકી વિરોધ પક્ષે ઉચ્ચારી છે તેને અલગતાવાદીઓએ સમર્થન આપી આગમાં ઘી હોમવાનું કામ કરેલ છે. મહેબુબા મુફ્તીએ તો જો આ કલમ દુર કરવામાં આવે તો ભાજપની સરકાર સાથેની ગાંઠ તોડી પાડવાની પણ ધમકી આપી છે. આ કલમમાં ફેરફાર થાય તો બહારના લોકોનું કાશ્મીર ઉપર પ્રભુત્વ વધે

સંઘ અને ભારતના નાગરિકોની જુની માંગ છે કે બંધારણની કલમ ૩૭૦ રદ કરી જમ્મુ કાશ્મીરને સંપૂર્ણપણે ભારતીય સંઘમાં જોડી દેવામાં આવે પરંતુ સુપ્રિમ કોર્ટ કે ભારતની બંધારણ સભા કે સંસદ આમા સુધારો કરી શકે તેમ નથી પરંતુ બંધારણની કલમ ૩૫(એ) માં સુધારો વધારો કરવાની શકયતા છે અને હાલના સંજોગોમાં તેની આવશ્યકતા પણ છે.

સુપ્રિમ કોર્ટે કલમ ૩૫(એ) ના સુધારા માટે ભારતની કેન્દ્ર સરકારનો અભિપ્રાય માંગ્યો છે જો સરકાર સુધારાની ફેવર કરે તો જમ્મુમાંથી પીછેહટ કરવી પડે તેવા સંજોગો છે. સપ્ટેમ્બરમાં સુપ્રિમ કોર્ટ આ બાબતે ચુકાદો આપી શકે છે.

ભારતની સ્વતંત્રતાના ૭૫ વર્ષ પુરા થવાની ઉજવણી સાથે જ આ વિવાદ વેગ પકડતો જાય છે. જમ્મુ કાશ્મીર કરાર મુજબ માત્ર સંરક્ષણ વિદેશ નિયમન અને સંદેશા વ્યવહારની બાબતોમાં જ ભારતીય મહાસંઘ સાથે જોડાયેલું છે અને વિશેષ દરજ્જાના કારણે બંધારણની કલમ ૩૭૦ માં કોઈ જ સુધારો શકય નથી તેથી કલમ ૩૫(એ) માં સુધારો કરી શકાય તેમ હોય કાશ્મીરી મહિલાઓને વિશેષ તકો આપવા તથા બહારના લોકોને કાશ્મીરમાં સંપત્તી ખરીદવાનો હક્ક આપવા જો મંજુરી આપે તો સમાનતા ના મૂળભૂત બંધારણીય અધિકારનો ભંગ માનવામાં આવશે નહિ. ૩૫(એ)ને બંધારણની કલમ ૩૬૮ મુજબ કોઈ સંસદીય સુધારો કરવામાં આવેલ નથી પરંતુ વિશેષ અધિકારો આપવા માટે રાષ્ટ્રપતિના આદેશ મુજબ બંધારણીય પરિશિષ્ટમાં સમાવેશ કરવામાં આવી હતી.



**કાયદો અને કાનૂન**

અશ્વિન ત્રિવેદી

સને ૨૦૧૫ થી આ વિવાદ શરૂ થયેલ છે વી ધ સીટીઝન નામની સંસ્થાએ સૌ પ્રથમ સુપ્રિમમાં પડકારવામાં આવેલ ત્યારથી વિવાદ શરૂ થયેલ અને ચારૂવાલી ખાનની પીટીશનથી તેને વેગ મળેલ છે.

કલમ ૩૫ માં જણાવ્યા મુજબ ૧૯૫૪ ના આરંભથી ૨૫ વર્ષ પુરા થયા બાદ મુદત પુરી થયા પહેલા કરેલા અથવા નહિ કરેલા કોઈ કાર્ય સંબંધી હોય તે સીવાય એવી અસંગતાઓ પૂરતો તે કાયદો અમલમાં રહેશે નહિ.

અનુસંધાન પાના નં. ૭ પર

# નાગરિક તરીકેના આપણા અધિકારો ને અનાધિકારો

"ભારતની જીવનગંગામાં ભળી જઈ હું થાઉં અશેષ;
ભારતની માટીમાં મળું, ત્યાં લ્હેરો મુજ સ્વપ્નાંનો દેશ."

- જવાહરલાલની અભિપ્સા

ભારતની આ પુણ્યધરામાં જન્મ લેવો અને અહીં રહેવાનો, જીવન વિતાવવાનો અવસર મળે મળવો તે ખરેખર આપણા સૌને માટે એક સૌભાગ્યનો વાદક છે. જેઓ અભ્યાસ અર્થે, રોજીરોટી કે કામધંધા માટે અહીંથી અન્ય દેશોમાં ગયા છે તેઓ પણ આ બાબત સ્વીકારે છે. તેનું મૂળ કારણ એ છે કે ભારત એ આપણી 'માતૃભૂમિ' છે. જે રીતે પાડોશમાં રહેતી મમ્મી ગમે તેટલી સારી હોય બાળકને હંમેશા પોતાની 'મા' જ વ્હાલી લાગે તે જ પ્રમાણે ભારતની આ પાવન ધરતી આપણા માટે વિશેષ છે. આ ધરતીમાં જન્મ લેવાથી લઈને મોટા થવાની સાથે આપણી આ 'માતૃભૂમિ' પ્રત્યેની આપણી ફરજોને યાદ રાખવી ખૂબ આવશ્યક છે. આપણે હંમેશા પત્ની, માતા-પિતા, જન્મભૂમિ-માતૃભૂમિ આ તમામના અસ્તિત્વને અને આપણી તેમના પ્રત્યેની ફરજોને નજરઅંદાજ કરતા આવ્યા છીએ. તેમના પરત્વે આપણું પણ કર્તવ્ય હોઈ શકે એ બાબતની સમજણ કેળવવી ખૂબ જરૂરી છે. આચાર્ય રજનીશ આ વિષે સુંદર વાત કહે છે :

"ઈજિપ્તમાં એક જૂની કહેવત છે કે જે વસ્તુ માણસથી છુપાવવી હોય, તે તેની આંખની સામે મૂકી દો; પછી તે એને જોઈ નહીં શકે."

તમને યાદ છે, કેટલા દિવસોથી તમારી પત્નીનો ચહેરો તમે નથી જોયો? ખ્યાલ છે તમને કે તમારી માતામાં આંખ પરોવીને કયારે તમે નથી જોયું? પત્ની એટલી મોજૂદ છે, માતા એટલી નજીક છે, પછી જોવાનું શું? તે જ રીતે આ ભારત ભૂમિએ તમને શું નથી આપ્યું? આ ધરતીના ખોળે તમે પાગર્યાં અને વિકસ્યા; શું એ તમને દેખાય છે પણ ખરું?

પત્ની મરી જાય છે, તો ખબર પડે છે કે એ હતી. પતિ જઈ ચૂક્યો હોય છે ત્યારે યાદ આવે છે કે અરે, આ માણસ આટલો વખત સાથે રહ્યો, પરંતુ પરિચય જ ન થયો! આથી તો લોકો સ્વજનના મરણ ઉપર આટલું રૂદન કરે છે. તે રડે છે એ મરણને કારણે નહીં, પણ એટલા માટે કે આટલા દિવસોથી જેની સાથે હતા તેને આંખ ભરીને જોયા પણ નહીં. તેની ધડકનો સાંભળી ન શક્યા; એની સાથે કોઈ પરિચય થઈ ન શક્યો; તે અજાણ્યા જ રહ્યા ને અજાણ્યા જ વિદાય થઈ ગયા! અને હવે તેનો કોઈ ઉપાય નથી.

તમારું સ્વજન ચાલ્યું જાય ત્યારે તમે એટલા માટે રડો છો કે એક તક મળી હતી અને ચૂકી ગયા; તેને આપણે પ્રેમ પણ ન કરી શક્યા. વિદેશ જતી વેળાએ એરપોર્ટ પર રડવું પણ આ જ કારણે આવે છે.

"ઈજિપ્તના ફકીરો એ વાત કહેતા હતા કે કોઈ ચીજને છુપાવવી હોય તો તેને લોકોની આંખ સામે મૂકી દો. એ ચીજ જેટલી નજીક હોય છે, એટલી જ વધુ ભૂલાઈ જાય છે."

આપણે દરરોજ સવારે ઉઠીને દીવા-ધૂપ કરીને ઈશ્વરનો આભાર વ્યક્ત કરીએ છીએ, પ્રાર્થના કરીએ છીએ. ત્યારબાદ સૂર્યનારાયણને જળ અર્પણ કરીએ તેમના પ્રત્યે પર આદર-ભાવ દર્શાવીએ છીએ અને જમીન પર દીવો મૂકીને ધરતી માનો પણ આભાર માનીએ છીએ. પણ આ બધાની સાથોસાથ દેશ પ્રત્યેની લાગણી, દેશ પ્રત્યેનું ઋણ ચૂકવવા માટે માત્ર ૧૫મી ઓગસ્ટ કે ૨૬મી જાન્યુઆરીના જ દિવસો નિયુક્ત કરાયેલા હોય તેમ વર્તીએ છીએ. સ્કૂલમાં ભણતી વખતે 'વંદે માતરમ્' કે 'જન ગણ મન' ગાવાનો આપણો નિત્યક્રમ શાળાજીવન પૂરું થતાં જ અનાયાસે છૂટી જાય છે. થોડા સમયથી થિયેટરમાં પિકચર શરૂ થતા પહેલાં રાષ્ટ્રગાન ગાવાની પરંપરા શરૂ થઈ છે અને આપણે ફરીથી એ ગાતા થઈ ગયા છીએ. પણ આ બધું કરવા ઉપરાંત આ દેશ પ્રત્યેની આપણી ફરજ અન દેશની કાળજી લેવા જેવી બાબતો પ્રત્યે જાગૃત બનવાની આપણી સહિયારી ફરજ છે,

દરેક દેશના બંધારણમાં તેના નાગરિકોના કયા અધિકારો છે? - કયા નથી!

દરેક દેશના બંધારણમાં તેના નાગરિકોના કેટલાક પાયાના અધિકાર ગણવામાં આવ્યા હોય છે. તેનો ભંગ કરનારા કાયદા એ દેશની કોઈ પણ સરકાર કે સંસદ પણ ઘડી શકે નહીં. ઘડે તો તે બંધારણનો ભંગ થયો ગણાય. અને તેની સામે દેશની સર્વોચ્ચ અદાલતમાં નાગરિકો દાદ માગી શકે.



**WhatsApp ઑફ ધી વીક**

નેહલ ગઢવી

આવા પાયાના અધિકારોની સાથેસાથે કેટલાક દેશનાં બંધારણોમાં તેના નાગરિકોની પાયાની ફરજોનો પણ નિર્દેષ થયેલો હોય છે. ભારતના સંવિધાનમાં ભાગ (૪)ક માં નાગરિકોની દસ પાયાની ફરજ નીચે મુજબ ગણાવેલી છે.

(૧) બંધારણનું પાલન કરવું. (૨) સ્વતંત્રતા માટેની આપણી રાષ્ટ્રીય લડતને પ્રેરણા આપનારા ઉમદા આદર્શોને ચાહવા અને અનુસરવા. (૩) ભારતના સાર્વભૌમત્વનું સમર્થન અને રક્ષણ કરવું. (૪) દેશનું સંરક્ષણ કરવું અને સાદ પડે ત્યારે રાષ્ટ્રીય સેવા બજાવવી. (૫) ધર્મની, ભાષાની અને પ્રદેશની વિવિધતાની ઉપર ઊઠીને ભાઈચારાની ભાવના ફેલાવવી; મહિલાઓના ગૌરવને માટે અપમાનજનક રિવાજોનો ત્યાગ કરવો. (૬) આપણી વિવિધતાભરી સંસ્કૃતિના સમૃદ્ધ વારસાનું બહુમાન કરવું અને તેને સુરક્ષિત રાખવો. (૭) કુદરતી પર્યાવરણનું રક્ષણ કરવું, તેને સુધારવું અને પ્રાણીમાત્ર માટે અનુકંપા રાખવી. (૮) વૈજ્ઞાનિક માનસ, માનવતા, કાર્યકારણની ખોજ તથા સુધારાની ભાવના વિકસાવવી. (૯) પ્રજાકીય માલમિલકતનું રક્ષણ કરવું અને હિંસાનો સદંતર ત્યાગ કરવો. (૧૦) વ્યક્તિગત અને સામૂહિક પ્રવૃત્તિમાં ઉત્તમતા માટે મથવું, જેથી આપણું રાષ્ટ્ર સાધના અને સિદ્ધિની વધુ ને વધુ ઊંચી સપાટીએ સતત ચડતું રહે.

નાગરિક તરીકે આપણને કેટલાક અધિકારો અવશ્ય છે, તેમ કેટલાક અધિકારો બિલકુલ નથી, એ પણ ખ્યાલ રાખવા જેવું છે. જે અધિકાર કોઈને નથી તેની કાંઈક આવી યાદી બનાવી શકાય :

(૧) કોઈ પણ કાયદો તોડવાનો આપણને અધિકાર નથી. (૨) આપણે ચાહે તે કુળમાં જન્મ લીધો હોય, પણ કોઈ વિશેષ સગવડ માગવાનો આપણને અધિકાર નથી. (૩) કોઈ પણ વ્યક્તિ પુરુષ કે સ્ત્રી છે, અમુક જાતિ કે ધર્મની છે તે કારણે તેની સામે ભેદભાવ રાખવાનો આપણને અધિકાર નથી. (૪) કોઈની પણ સામે હિંસા કરવાનો આપણને અધિકાર નથી. (૫) લાંચ આપવાનો કે લેવાનો આપણને અધિકાર નથી. (૬) નશો કરીને એલફેલ વર્તન કરવાનો આપણને અધિકાર નથી. (૭) ગમે ત્યાં ગંદકી કરવાનો આપણને અધિકાર નથી.

- મધુ ત્રેહાન

- nehalgadhavi101@gmail.com

# મહર્ષિ અરવિંદનું સ્વપ્ન: ભાગલા મિટાવીને એકતા સ્થાપીએ

૧૫ ઓગસ્ટ ૧૯૪૭ સ્વતંત્ર ભારતનો જન્મદિવસ. મહર્ષિ અરવિંદનો જન્મદિવસ પણ ૧૫ ઓગસ્ટ. એ દૃષ્ટિએ અરવિંદ ઘોષના જીવનમાં પણ ૧૫ ઓગસ્ટનું મહત્ત્વ અને મહાત્મ્ય સવિશેષ રહ્યું. ક્યારેક મહારાજા સયાજીરાવ ગાયકવાડ ઓફ બરોડાના અંગત સચિવ રહેલા અને ક. મા. મુનશી જેવા બરોડા કૉલેજના તેજસ્વી વિદ્યાર્થીઓના અધ્યાપક-આચાર્ય રહેલા અરવિંદની બ્રિટિશ શાસન સામેની બળવાખોરી એમને બૉમ્બ સંસ્કૃતિ ભણી દોરી ગઈ હતી. જેલવાસ પણ ભોગવ્યો. એ પછી

- ભારત, પાકિસ્તાન અને બાંગલાદેશનો વિલય ભલે અશક્ય, પણ મહાસંઘ શક્ય
- સત્તારૂઢ ભાજપના આરાધ્ય શ્રી ગુરુજીના અખંડ ભારતનું સ્વપ્ન હવે કાં વીસરાયું ?
- ભાગલા રહેશે ત્યાં સુધી આંતરવિગ્રહ અને બીજી સત્તાના આક્રમણનો સંભવ રહેવાનો
- સ્ટીફન કોહેનના મતે, આઝાદીની શતાબ્દી ઉજવણી ટાણેય ભારત-પાક દુશ્મની હશે
- ગાંધીજી, નેહરુ, સરદાર કે ડૉ.આંબેડકરને ભારત હિન્દુરાષ્ટ્ર તરીકે અભિપ્રેત નહોતું

૧૯૧૦થી પાંડિચેરી (હવેના પુડુચેરી)ના અરવિંદ અધ્યાત્મ્ય તરફ એવા ઢળ્યા કે ૧૯૨૦માં ડૉ. બી. એસ. મુંજે અને ડૉ. કેશવ બલિરામ હેડગેવાર જેવા કૉંગ્રેસીનેતાઓ નાગપુરથી પાંડિચેરી જઈ મહર્ષિને વીનવતા હતા કે લોકમાન્ય ટિળકનું સ્થાન લઈને આપ ૧૯૨૦ની નાગપુર કૉંગ્રેસના અધ્યક્ષપદને શોભાવો, પણ મહર્ષિ ના માન્યા. એ આ બધાથી વિરક્ત થયા હતા, પણ રાષ્ટ્રના હિત અને ઉત્થાનની બાબત માટે એ સદૈવ ચિંતન અને ચિંતા કરતા રહ્યા. એમણે નોંધ્યું : 'મારા જીવનકાળ દરમિયાન જે જે જગદવ્યાપી પ્રવૃત્તિઓને સફળ થવાની મેં આશા સેવી હતી, અને તે કાળે તો એ પ્રવૃત્તિઓ કેવળ અવ્યવહારુ સ્વપ્ન જેવી જ દેખાતી હતી, તે સઘળી પ્રવૃત્તિઓને હું આજે સફળ થતી યા તો સફળતાની દિશામાં ગતિ કરતી જોઉં છું. સ્વતંત્ર બનેલું ભારત આ સર્વ પ્રવૃત્તિઓમાં ઘણો મોટો ભાગ ભજવી શકે છે, જગતને માર્ગદર્શક બની શકે છે.'

ભારત સ્વતંત્ર થયું ત્યારે મહર્ષિએ પોતાનાં સ્વપ્નોમાંના પ્રથમ સ્વપ્નમાં ક્રાંતિકારી આંદોલન દ્વારા સ્વતંત્ર અને સંગઠિત ભારતના સર્જનની વિભાવના રજૂ કરી હતી. સ્વતંત્રતા તો મળી, પણ એકતા નહોતી. છૂટાં છૂટાં રાજ્યોની અંધાધૂંધી ભરેલી હાલતમાં એ સરી પડશે એવું લાગતું હતું. જોકે, આશાવાદ ટક્યો હતો. ભારત અને પાકિસ્તાનમાં વિભાજિત બ્રિટિશ ઈંડિયા સ્વતંત્રતા પછી સ્વતંત્ર ભારત તરીકે, અખંડ ભારત તરીકે આકાર લે એવી એમના સ્વપ્નની સિદ્ધિ અપેક્ષિત હતી. એ સિદ્ધ થાય એ પૂર્વે જ એમણે તો વિદાય લીધી, પણ નવી પેઢીને શિરે એ સ્વપ્નપૂર્તિની જવાબદારી છોડતા ગયા. ધનાઢ્ય પરિવારમાં જન્મેલા મહર્ષિએ દલિતોના પ્રશ્નો અને હિંદુ-મુસ્લિમ ખટરાગનો નિવેડો લાવવાની અપેક્ષા કરતું ચિંતન પણ કર્યું હતું. 'આ ભાગલા રહેશે ત્યાં સુધી આંતરવિગ્રહનો હંમેશા સંભવ રહેવાનો એટલું જ નહીં, ભારત પર કોઈ બીજી સત્તાનું આક્રમણ પણ બને, અને ભારત પરદેશી સત્તાનાં હાથમાં પાછું ચાલ્યું જાય. ભાગલાને લીધે ભારતનો પોતાનો આંતરિક વિકાસ અને પ્રગતિ પણ અટકી પડે. જગતની પ્રજાઓમાં પણ તેનું સ્થાન નબળું પડી જાય, તથા ભારતનું પોતાનું જે વિશિષ્ટ જીવનકાર્ય છે તેને ક્ષતિ પહોંચે અને નષ્ટભ્રષ્ટ પણ થઈ જાય એવો પણ સંભવ છે જ. આમ ન જ થવા દેવાય. ભાગલા જવા જ જોઈએ.'

મહર્ષિ અરવિંદ થકી જે સ્વપ્ન જોવામાં આવ્યું એમાં ભાગલા જવા જ જોઈએ અને એકતા સ્થાપવી જ જોઈએ અને સ્થપાશે જ એવી શ્રદ્ધાનો રણકો પણ હતો. ભારતને ભવિષ્યમાં મહાન બનાવવા માટે ભારત-પાક-બાંગલાદેશનો વીંટો વાળવવાની અનિવાર્યતા ઘણાને અનુભવાય છે. એ શક્ય છે ખરું? રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘ (આરએસએસ)ના દ્વિતીય સરસંઘચાલક માધવ સદાશિવ ગોળવળકર (શ્રી ગુરુજી) પણ ભારતને અખંડ જોવાનું સ્વપ્ન સાકાર કરવાનો મંત્ર સંઘ પરિવાર તરીકે આજે ઓળખાતા વિશાળ વટવૃક્ષ સમક્ષ મૂકીને એ ગયા છે. 'અખંડ ભારતની કલ્પનાને સાકાર કરીએ' એ મંત્ર ગુરુજી જેવા ભારતના મહર્ષિના શબ્દો અને બૌદ્ધિકોમાં સતત પડઘાતો રહ્યો છે. ભાગલા જે તે સમયે રાજકીય સમાધાન માટે અનિવાર્ય હતા, એ વાત સરદાર પટેલે બંધારણ સભામાં સુપેરે મૂકી છે. ભાગલા માટે પંડિત નહેરુ સંકોચ અનુભવતા હતા. સરદાર એ માટે મક્કમ હતા. વી. પી. મેનનની યોજના સ્વીકારી લેવા સરદારે નહેરુને કહ્યું ત્યારે મહાત્મા ગાંધી તો જાણતા પણ નહોતા કે પોતાના ડાબા-જમણા હાથ સમા બે કૉંગ્રેસ નેતાઓએ ભાગલા માટે જીભ કચરી દીધી છે. ગાંધીજીની શહીદી ભાગલા નિમિત્તે આવી પડી એ પણ વિધિની કેવી વક્રતા! છતાં સંઘના સુપ્રીમો ગુરુજી કહે છે તેમ ભાગલા પછી લોક ઈચ્છાશક્તિને આધારે અખંડ ભારતને પુનઃ હકીકત બનાવી શકાય છે.આપણી સામે બે જર્મની દુશ્મની છોડીને એક થયાનો દાખલો મોજૂદ છે, પણ અત્યારે સત્તા સુધી પહોંચેલા અને શ્રી ગુરુજીને પોતાના આરાધ્ય ગણતા ભારતીય જનતા પક્ષે અખંડ ભારતની એ વિભાવનાને સાવ ભૂલવાનું પસંદ કર્યું છે.કારણ બહુ સ્પષ્ટ છે.જૂના બ્રિટિશ ઈન્ડિયામાંથી છૂટા પડેલા ત્રણેય દેશોમાં પ્રત્યેક લગભગ ૧૯ કરોડ જેટલી મુસલમાન વસ્તી ધરાવે છે.૮૦ કરોડ હિંદુઓ સામે કુલ ૬૦ કરોડ મુસ્લિમોની વસ્તીવાળા એકત્રિત ભારતમાં ફરીને આઝાદી પૂર્વેના જ સંજોગો પેદા થવાની ધાસ્તી રહે છે.દૂધના દાજેલા છાસ પણ ફૂંકીને પીવાનું પસંદ કરે છે.ભારત દુનિયાભરમાં પોતાનું ગુરુ તરીકેનું સ્થાન જમાવવા માંગે છે ત્યારે હિંદુ અને મુસ્લિમથી ઉપર ઊઠીને રાજકારણ અને શાસનકારણને આગળ વધારવાની જરૂર ખરી.ભારત પાડોશી રાષ્ટ્રો પાકિસ્તાનની જેમ ના તો ધર્મરાષ્ટ્ર છે કે ના ચીનની જેમ નાસ્તિક રાષ્ટ્ર છે.ગાંધીજી, નેહરુ, સરદાર કે ડૉ.આંબેડકરને ધર્મ રાજ્ય કે હિન્દુરાષ્ટ્ર તરીકે ભારત અભિપ્રેત નહોતું.



**અતિતની આજ**

ડો. હરિ દેસાઈ

ભારત અને આસપાસનાં રાષ્ટ્રોના દક્ષિણ એશિયાઈ સંગઠન (સાર્ક)માં પાકિસ્તાન, બાંગલાદેશ, નેપાળ, ભૂતાન, શ્રીલંકા અને માલદીવનો સમાવેશ થાય છે. સાર્કનું માધ્યમ સંગઠિત થવાની દિશામાં આગેકૂચ

અનુસંધાન પાના નં. ૭ પર